# મૉડર્ન ગોવાલણી

પ્રાસંગિક

અનિલ હડિયાણાવી
feedback.ladki@bombaysamachar.com

# સાડી પહેરી દોડી મેરેથોન




વિશ્વ સમક્ષ કંઇક કરીને બતાવવું છે એવું તો અનેક લોકો વિચારે છે, પરંતુ શું કરીને બતાવવું એની મોટા ભાગના લોકોને ખબર હોતી નથી અને પરિણામે તેઓ કંઇ જ કરી શકતા નથી. સફળતા મેળવવા મહેનત કરવી પડે છે, પોતાના લક્ષ્યને નક્કી કરવું પડે છે. પોતાના લક્ષ્ય પર ધ્યાન કેન્દ્રિત કરનારી વ્યક્તિને કોઇ હરાવી શકતું નથી. હૈદરાબાદની જયંતીએ દુનિયા સમક્ષ આવું પરાક્રમ કરી બતાવ્યું છે. જયંતીએ હૈદરાબાદમાં યોજાયેલી ફુલ મેરેથોનમાં સાડી અને પગમાં ચપ્પલ પહેરી ભાગ લીધો હતો. એટલું જ નહીં તેણે ૪૨ કિ.મી.ની આ મેરેથોન પાંચ કલાકથી પણ ઓછા સમયમાં પાર કરી બતાવી હતી. છે ને આશ્ચર્ય.

૪૪ વર્ષીય જયંતી સંપત કુમારે હૈદરાબાદમાં યોજાયેલી ૪૨ કિ.મી.ની સંપૂર્ણ મેરેથોન પાંચ કલાકની અંદર પૂરી કરી હતી. નવાઇની વાત એ છે કે તેણે મેરેથોન દોડ દરમિયાન સાડી અને પગમાં ચપ્પલ પહેર્યાં હતા. આ દોડમાં ભાગ લેવા માટે તેણે ખૂબ મહેનત કરી હતી. છેલ્લાં આઠ વર્ષથી જયંતી દોડવાની પ્રેક્ટિસ કરતી હતી. વર્ષ ૨૦૧૫માં તેણે પહેલીવાર મેરેથોનમાં ભાગ લીધો હતો. એ વખતે તેણે ૧૦ કિ.મી.નું અંતર પાર કર્યું હતું. ત્યારબાદ જયંતીએ વધુ મહેનત કરવા માંડી. ૨૦૧૬થી તેણે દોડ માટે ખાસ તાલીમ લેવાની શરૂઆત કરી હતી. પાંચ કિ.મી.થી બેતાળીસ કિ.મી. સુધીનું અંતર પાર કરવા પ્રશિક્ષણ લેવાનું શરૂ કર્યું. પોતાના લક્ષ્યને પાર કરવા જયંતીએ ખૂબ મહેનત કરવા માંડી અને હાફ મેરેથોનમાં દોડ લગાવી.

જયંતીએ નક્કી કર્યું કે તે સાડી પહેરીને જ મેરેથોનમાં દોડશે. સાડી સાથે દોડ લગાવવી સહેલું નહોતું. આ માટે તેણે ઘણી મહેનત કરવી પડી હતી. તેણે સૌ પ્રથમ પાંચ કિ.મી.ની હાફ મેરેથોનમાં સાડી પહેરીને દોડ લગાવી હતી. તે કોઇવાર છ વારની તો કોઇ વાર નવ વારની સાડી પહેરી તાલીમ લેતી હતી. વિવિધ પ્રકારની સાડી પહેરી તે દોડ્યા કરતી. સૌથી વધુ તેને માડીસર પ્રકારની સાડીમાં દોડવાનું ફાવતું હતું તે જાણ્યા બાદ તેણે આવી જ સાડી સાથે દોડવાની પ્રેક્ટિસ કરી અને આખરે માડીસર સાડી પહેરીને પૂર્ણ મેરેથોનમાં ભાગ લેવાનો નિર્ણય લીધો.

રોજ ઘરમાં સાડી પહેરીને કામ કરવું અને સાડી સાથે મેરેથોન દોડ લગાવવી એ બન્નેમાં મોટો તફાવત છે. જયંતીને સાડી પહેરવાનું ખૂબ ગમે છે. માડીસર સાડી ધોતિયાની જેમ વિંટાળવાની હોય છે તેથી તેમાં દોડવું સરળ લાગતા તેણે આવો નિર્ણય લીધો હોવાનું તે કહે છે. સાડી પહેરીને મેરેથોન પાર કરવી એ કંઇ ખાવાના ખેલ નથી. આવું પરાક્રમ કરી બતાવનાર જયંતીની હિંમતને દાદ દેવી જોઇએ. ■



શિક્ષિકા બનવાનું સપનું સાકાર કરવા ઘરે ઘરે દૂધની ડિલિવરી કરતી નીતુ

સપનું બડું શેતાની હોય છે. એમાંય જાગતી આંખે જોયેલા સપનાને સાકાર કરવાની જીદ પકડવી એ પણ કાબિલ-એ-દાદ વાત છે. આપણા સમાજમાં હજીય મહિલાઓને સપનાં જોવા પર પાબંદી છે. મહિલાઓનું ખ્વાબ ચૂલાઓનો ધુમાડો થઈ ઊડી જતું હોય છે. સ્ત્રીઓ જોકે, આંખ ચોળીને સપનાં જોતી થઈ છે, સાત ડગલાં ભરીને આકાશને સ્પર્શવા લાગી છે. શમણું મોટું હોવું જરૂરી નથી, એને વાસ્તવિકતામાં તબદીલ કરવું અનિવાર્ય છે, નીતુ શર્માની જેમ.

નીતુ શર્મા રોજ વહેલી સવારે ચાર વાગ્યે ઊઠીને મોટરસાઈકલ પર ભાંડોર ખુર્દ ગામે જઈને દૂધ એકઠું કરે છે. ભરતપુર શહેરમાં દૂધ લાવીને સવારે સાડાછ વાગ્યાથી ઘરે ઘરે જઈને દૂધની ડિલિવરી કરે છે. કેમ? એનું પણ એક નાનકડું સપનું છે શિક્ષિકા બનવાનું.

સાધારણ કુટુંબની નીતુ પાસે ભણવા માટે પૈસા નથી. પરિણામે તેણે ગોવાલણ બનીને દૂધમાંથી પૈસા કમાવવાનું નક્કી કર્યું. પોતાનું સપનું સાકાર કરવા કઠોર પરિશ્રમ કરવા તૈયાર થઈ ગઈ.

નીતુની બહેન સુષમા એને દૂધ વેચવામાં મદદ કરે છે. સુષમા રોજ વહેલી સવારે નીતુની સાથે બાઈક પર દૂધ લેવા ગામડે જાય. દૂધના કેનની વચ્ચે પોતાને મહામહેનતે ગોઠવે. દૂધની ડિલિવરી થઈ ગયા પછી નીતુ તેના કોઈ સગાને ત્યાં બાઈક મૂકે અને કપડાં બદલીને ઈન્ફોર્મેશન ટેક્નોલોજીમાં રાજસ્થાન સ્ટેટ સર્ટિફિકેટ કોર્સ કરવા માટે બે કલાક કમ્પ્યુટર કલાસમાં જાય. કમ્પ્યુટર કલાસ સવારે દસ વાગ્યે શરૂ થાય છે. ત્યાં સુધી સુષમા એના એક સગાને ત્યાં એની રાહ જોઈને બેસી રહે. સપનાની સામે ભલભલી મુશ્કેલી આસાન બની જતી હોય છે. નીતા કહે છે, 'દુનિયામાં એવું કંઈ નથી જે એક છોકરી ન કરી શકે. મેં બાઈક ચલાવવાનું શરૂ કર્યું ત્યારે ગામવાસીઓએ મારી મજાક કરી હતી. મારા પિતાએ મને હતોત્સાહ કરી હતી.'

નીતુ અને સુષમા બપોરે એક વાગ્યા સુધીમાં પોતાના ગામે પાછાં આવી જાય. ફરી સાંજે પાંચ વાગ્યે શહેરમાં દૂધ લઈને પહોંચી જાય. દૂધની ડિલિવરી કરે અને સાંજે સાડાસાત સુધીમાં ફરી ગામ પહોંચે. નીતુ આઠમા ધોરણમાં હતી ત્યારથી દૂધની ડિલિવરી કરે છે. એના પિતા બનવારીલાલ શર્માએ તેને ત્યારે જ ભણવાનું છોડી દેવાનું પણ કહી દીધું હતું, પરંતુ નીતુ શિક્ષિકા બનવા માટે ભણવા માગતી હતી. નીતુએ ત્યારે ખભા પર દૂધનો ઘડો લઈને શહેરમાં દૂધની ડિલિવરી કરવાનું શરૂ કરી દીધું હતું. નીતુ પાંચ કિલોમીટર ચાલીને જતી હતી.

નીતુને લિટર દીઠ પાંચ રૂપિયા મળતા. સંસ્કૃતમાં પોસ્ટ ગ્રેજ્યુએશન કરી ચૂકેલી એની મોટી બહેનને રાધાએ ગામમાં કરિયાણાની દુકાન ખોલી હતી. બંનેએ પોતાની આવકમાંથી બાઈક ખરીદી. અત્યારે નીતુ સવારે ૬૦ લિટર અને સાંજે ૩૦ લિટર દૂધ લાવે છે. પેટ્રોલ વગેરેનો ખર્ચ બાદ કરતાં નીતુને મહિને અંદાજે બાર હજાર રૂપિયા મળી રહે છે. આમ તેણે પોતાના શિક્ષણનો ખર્ચ જાતે જ ઉઠાવ્યો.

નીતુ હાલ બીએના બીજા વર્ષમાં અભ્યાસ કરે છે. રોજ નિયમિત રીતે કૉલેજમાં હાજરી આપવાનું એના માટે મુશ્કેલ હોવાથી તેણે આઉટસાઈડર તરીકે અભ્યાસ શરૂ કર્યો છે. તેણે મહારાજસરમાં સરકારી સિનિયર સેકન્ડરી સ્કૂલમાંથી દસમું ધોરણ ૫૬ ટકા સાથે અને બારમું ધોરણ ૫૮ ટકા સાથે પાસ કર્યું હતું. ગ્રેજ્યુએટ થયા પછી નીતુ બેચલર ઑફ એજ્યુકેશન કરવા માગે છે જેથી શિક્ષિકા બનવાનું સપનું સાકાર કરી શકે.

'મેં બાઈક ચલાવવાનું ચાલુ કર્યું ત્યારે મારા પિતાએ મને કહેલું કે છોકરીઓએ આ રીતે ફરવું સારી વાત નથી. છોકરીઓને આવો કોઈ અધિકાર નથી, પરંતુ મારા અભ્યાસ માટે નાણાં મેળવવા હું અડગ હતી. મેં પિતાને સમજાવીને કહ્યું છે કે મારી બંને બહેનો રાધા અને સુષમાનાં લગ્ન પછી હું બાઈક ચલાવવાનું છોડી દઈશ.' એવું નીતુએ કહ્યું હતું. પાંચ બહેનોમાંથી બે પરણેલી છે અને ત્રીજી બહેન રાધા કરિયાણાની દુકાન સંભાળે છે, ચોથી બહેન સુષમા નીતુને મદદ કરે છે. નીતુથી નાનો એક ભાઈ પણ છે જે દસમા ધોરણમાં ભણે છે. કુટુંબપ્રેમી નીતુ પોતાનો ધ્યેય સિદ્ધ કરવા કૃતનિશ્ચય છે. સુશિક્ષિત સ્ત્રીથી સમગ્ર કુટુંબ શિક્ષિત બને છે, પરંતુ એક શિક્ષિકા સમગ્ર સમાજને સુશિક્ષિત બનાવી શકે છે. ■